

નવરાત્રીનો માહોલ જામ્યો છે. આ વર્ષે ગરબાની છૂટ મળતા લગભગ દરેક સોસાયટીઓમાં, ફ્લેટસમાં ગરબાનું આયોજન થઈ રહ્યુ છે. ઘરની નજીક જ સુરક્ષિત માહોલ મળતા બાળાઓ ઉત્સાહભેર નવરાત્રી ઉત્સવને માણી રહી છે અને ગરબે ઘૂમી રહી છે.

# શહેરના સેકટર-૩ ડી ચાચર ચોકમાં ખૈલેયાઓ ગરબે ઘુમ્યા

ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગર શહેરમાં નવરાત્રીનો માહોલ બરાબરનો જામ્યો છે. નવલા નોરતાના ૬ ઠ્ઠા દિવસે સેકટર-૩ ડી માતાજીના ચાચર ચોકમાં ગરબાની જમાવટ થઈ હતી. મોકળાશ વાળા મેદાનમાં પરંપરાગત વસ્ત્રોમાં ખૈલેયાઓ જય ગઢવીના શુરે અને કે બ્રધર્સના સાંજીદાઓના સંગીતના સથવારે ખૈલેયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. આ ગરબા જોવા માટે માનવ મહેરામણ ઉમટ્યું હતું.

કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળતા સરકારે આ વર્ષે કોરોના ગાઈડ લાઈન સાથે શેરી ગરબા યોજવાની મંજુરી આપી છે.ત્યારે આ વર્ષે ગાંધીનગરમાં નવલી નવરાત્રીમાં સેકટરોની શેરીઓમાં માં અંબાની આરાધના સાથે શેરી ગરબાઓનું આયોજન કરવામા આવ્યું છે. ત્યારે શહેરના સેકટર-૩ ડી નવરાત્રી મહોત્સવ સમિતિ અને યુવક મિત્ર મંડળ દ્વારા સુંદર મજાનું ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૬ઠ્ઠા નોરતે ગરબાનું સુંદર આયોજન કરાયું હતું. રોશનીથી ઝળહળતો માતાજીના ચાચર ચોકમાં જય ગઢવી અને આરતી ભટ્ટના સુરીલા સ્વરે પ્રાચીન અને અર્વાચીન ગરબાના તાલે



ખૈલૈયાઓ ઝુમી ઉઠ્યા હતા. જોરદાર સાઉન્ડ સીસ્ટમ અને સંગીતના સથવારે યુવાધન ગરબે ઘુમતુ નજરે પડ્યું હતું. પરંપરાતગત વસ્ત્રોમાં સજ્જ હોય તે ગરબાપ્રેમીઓને જ એન્ટ્રી આપવામાં આવતી હતી. જયારે ગરબા જોવા માટે આવનાર નાગરીકો માટે એલઈડી સ્કિનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે વડીલોને બેસવા માટે ખાસ ખુરશીઓ મુકવામાં આવી હતી.

ત્યારે ખાસ આમંત્રિત મહેમાનમાં કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા, પૂર્વ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ, તેમજ સ્થાનિક પૂર્વ કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહેમાનોનું સ્વાગત સેકટર-૩ ડી નવરાત્રી મહોત્સવ સમિતિ અને યુવક મિત્ર મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. ગરબે ઘુમતા ગરબા પ્રેમીઓના વાહનો યોગ્ય જગ્યાએ પાર્ક થાય તે માટે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી.જયારે સલામતી માટે ૧૦ સિક્યુરીટી ગાર્ડ પણ તૈનાત હતા. જયારે માતજીના ચોકમાં ખૈલેયાઓ તેમજ કોઈ ગરબા રસિકોને તકલીફ ના પડે તે માટે ૪૧ સ્વયંસેવકો ખાસ ડ્રેસ કોડમાં હાજર હતા. ત્યારે સેકટર-૩ ડી શેરી ગરબાએ અનોખુ આકર્ષણ જમાવતા નાગરીકોની ભારે ભીડ જોવા મળી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની બોર્ડ બેઠક ૨૦મી ઓક્ટો.ના રોજ મળશે.
- ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ આજે સાંજે જિલ્લા પંચાયત આવ્યા હતા અને જિલ્લા વિકાસ અધિકારીને મળી નિકળી ગયા હતા.
- જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી તેમજ જિલ્લાના અન્ય અધિકારીઓ કડજોદરા રાત્રી ગ્રામસભામાં હાજરી આપવા પહોંચ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેરમાં નવરાત્રી પર્વની ચાલી રહેલી ઉજવણીમાં પ્રસાદના ભાવમાં પણ વધારો થતાં માઈભક્તો મુંઝાયા છે.
- આજે સચિવાલયમાં ધારાસભ્યો કરતાં મુલાકાતીઓની ભારે ભીડ જોવા મળી હતી.
- નવરાત્રી પર્વને લઈ આજે જૂના સચિવાલયમાં મહિલાઓ ગરબા રમી હતી.
- વિવિધ વિભાગોમાં ફરજો બજાવતા કર્મયોગીના પરિવારજનો કોરોનાની મહામારીમાં મૃત્યુ પામ્યા હોય તો તેની વિગતો આપ્યા અંગેનો પરિપત્ર કરાયો છે.
- આજે સે. ૮ ના ગ્રાઉન્ડ પર ગૃહ વિભાગ અને પંચાયત વિભાગ વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ છે.
- નાગરિક અધિકાર પત્રમાં સેવાઓના વિસ્તાર અંગે રચાયેલ ટાસ્કફોર્સની આજે બેઠક મળી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, ચિંતા ન કરો કોલસાની તંગી છે, કાગળની નહી...! આપમે ટાઈમે બીલ મોકલી દઈશું.**

# ગાંધીનગરમાં વિકસી રહેલી ગુજરાતી માધ્યમની ૨૧મી સદીની વિશિષ્ટ સ્કૂલ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર રાજયભરમાં શૈક્ષણિક હબ તરીકે ઉભરી રહ્યું છે. પાટનગરના શૈક્ષણિક સંકુલોમાં હવે એક નવો આયામ ઉમેરાઈ રહ્યો છે જે માતૃભાષા ગુજરાતી માધ્યમમાં ૨૧મી સદીની વિશિષ્ટ સ્કૂલ તરીકે વિકાસ પામવા સજ્જ બની રહ્યું છે. શહેરના સેક્ટર-૫-એ માં માર્ગ નં. ૬ નજીક એસ.કે. રાજપૂત સ્કૂલ પ્રાથમિક અને માધ્યમિક શાળાને ૨૧મી સદીના કૌશલ્યો, જ્ઞાન અને અભિગમ પ્રમાણે વિકસાવવા નક્કર આયોજન સાથે શરૂઆત કરી ચુકી છે.

શ્રી એસ.કે. રાજપૂત સ્કૂલમાં બ્રિટીશ કાઉન્સિલ અને યુનાઈટેડ નેશનની ગાઈડલાઈન અનુસાર વિષયોના શિક્ષણની સાથે સર્જનાત્મકતા, સાથે મળીને કામ કરવાની ભાવના, જટિલ વિચારશક્તિ અને સંવાદ કરવાની કળાનો સંગમ કરીને બાળકોના ભવિષ્ય માટે જરૂરી કૌશલ્યો શીખવાડાય છે. માતૃભાષા ગુજરાતીમાં શિક્ષણ સાથે બીજી ભાષા તરીકે અંગ્રેજીની વિશેષ પદ્ધતિસરની તાલીમ તેના ચારેય કૌશલ્યોને વિકસાવવા સાથે તે પ્રકારનું વાતાવરણ પુરૂ પાડવામાં આવે છે. જેમાં વિદ્યાર્થી અંગ્રેજીને ગોખવાને બદલે સહજ રીતે શીખે. આ સાથે ડિજીટલ કલાસ, કોમ્પ્યુટર લેબ, અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાનની લેબ, ઈન્ડોર-આઉટડોર રમતો સાથે ભણવાનું ગમે તેવું કેમ્પસનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવાયુ છે. અહીં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ પદ્ધતિસર અપાય છે. ગણિત-વિજ્ઞાનમાં પાયાના ખ્યાલો વધુ સ્પષ્ટ થાય તે રીતે વ્યવહારૂ તાલીમ, વિદ્યાર્થીઓ જાતે પ્રયોગ કરે તેવો માહોલ, ભવિષ્યલક્ષી પ્રવૃત્તિઓનો મુખ્ય આધાર આપવા સાથે વિદેશી શિક્ષકો, વિદેશી મુલાકાતીઓ સાથે સંવાદ તેમજ સ્કૂલની હાઉસ સિસ્ટમને વિવિધ દેશો સાથે સાંકળી આંતરરાષ્ટ્રીય અનુભવોનો પણ લાભ વિદ્યાર્થીઓને મળશે. વિદ્યાર્થીઓના ચારિત્ર્ય નિર્માણ અને વ્યક્તિત્વના સમગ્ર વિકાસ માટે નવી દિલ્હીના શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના માર્ગદર્શનમાં પંચકોશ જેમાં અન્નમય કોશ, પ્રાણયમ કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ થકી કેળવણી આપી વિદ્યાર્થી ઓલરાઉન્ડર બનશે. અહી ‘સમસ્યાને બદલે ‘સમાધાન’ની વાત થઈ રહી છે જે આપત્તિને અવસરમાં બદલવાનો અભિગમ ધરાવે છે.

### શ્રી એસ.કે. રાજપૂત સ્કૂલની મેનેજમેન્ટ ટીમ

શ્રી એસ.કે. રાજપૂત સ્કૂલને ૨૧મી સદીની વિશિષ્ટ સ્કૂલ તરીકે વિકસાવવા માટે ગુરૂકૃપા હોસ્ટેલના સંચાલક સુનીલભાઈ પટેલની ટીમે જવાબદારી ઉપાડી છે. જેમને ટોપ એજ્યુકેશનના મનીષ પટેલ અને સંદીપ પટેલનું માર્ગદર્શન મળી રહ્યું છે. આ ઉપરાંત સમગ્ર પ્રોજેક્ટના આયોજનથી લઈને અમલીકરણની જવાબદારી યુનિક સિનર્જી તેમજ સિનર્જી એજ્યુ સર્વિસીસ સંભાળશે.

# સેકટર-૧૫ ફતેપુરા ઘરેથી ટામેટા લેવા ગયેલ છોકરો ગુમ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૧૫ ફતેપુરા મહાકાળી માતાજીના મંદિર પાસે રહેતો આશરે ૧૫ વર્ષિય યુવક ઘરેથી ટામેટા લેવા માટે ગયા પછી ગુમ થઈ ગયેલ છે. બનાવ અંગે કિશોરના મોટાભાઈએ ફરીયાદ નોંધાવતા પોલીસે કિશોરને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરના સેકટર-૧૫ ફતેપુરા મહાકાળી માતાજીના મંદિર પાસે છેલ્લા ચાર વર્ષથી રહેતા અમરસિંહ રંગીતભાઈ બારીયા પરિવાર સાથે રહે છે અને છુટક મજુરી કરી ગુજરાન ચલાવે છે. અમરસિંહના પિતા વતન પંચમહાલ ખાતે રહે છે.જયારે તેઓ પાંચ ભાઈ અને એક બહેન છે. જે પૈકી સૌથી નાનો ભાઈ અક્ષય ૧૪ વર્ષ અને ૯ માસનો છે. જે ત્રણ માસથી ગાંધીનગર ખાતે રહેવા માટે આવ્યો છે. ગત તા.૮ ના રોજ સાંજના સાત વાગ્યાના અરસામાં અમરસિંહના પત્નીએ અક્ષયને બાજુમાં આવેલી દુકાને ટામેટા લેવા માટે મોકલ્યો હતો. તે સાયકલ લઈને ટામેટા લેવા માટે શોંપીગ ખાતે ગયો હતો.પરંતુ તે મોડા સુધી ઘરે પરત ન ફરતા પરિવારના સભ્યોએ શોંપીગમાં દુકાનદારો, રાહદારી અને આડોશ પાડોશમાં અક્ષય અંગે પુછપરછ કરી હતી. પરંતુ કોઈ હકીકત જાણવા મળી ન હતી. જયારે વતનમાં અને સગા સ્નેહીજનોના ઘરે તપાસ કરતા અક્ષય અંગે કોઈ ભાળ મળી નથી. જયારે અક્ષય શરીરે પાતળા બાંધાનો, રંગે શ્યામવર્ણો, લાબા મોઢાવાળો, જેની ઉંચાઈ આશરે ૫ ફુટ તેમજ ધોરણ-૮ સુધીનો અભ્યાસ કર્યો છે. તે ગુજરાતી ભાષા જાણે છે અને બોલે છે.તેણે શરીરે બ્લયુ કલરનું પેન્ટ અને પોપટી કલરનો શર્ટ પહેયું છે.બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

## જિલ્લાકક્ષા શાળાકીય જુડો સ્પર્ધામાં લીંબોદરા હાઈસ્કૂલનો સુંદર દેખાવ

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા જિલ્લાકક્ષાની શાળાકીય જુડો સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પી.પી.આર. શાહ હાઈસ્કૂલ લીંબોદરાની ૬ બહેનો તથા ૨ ભાઈઓએ પ્રથમ સ્થાન મેળવતા રાજ્યકક્ષા માટે પસંદગી પામ્યા હતા. શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. જયારે શાળાના આચાર્ય તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા. ગામના સરપંચ રણજીતસિંહ વાઘેલાએ તમામને અભિનંદન પાઠવ્યા હતા.



## સે. ૨૯માં વંદેમાતરમ્ પાર્ક-૨ ખાતે નવરાત્રીની જોરદાર જમાવટ

ગાંધીનગરમાં નવરાત્રીની ભારે ધૂમ શેરી ગરબાઓમાં જોવા મળી રહી છે. શહેરના સેક્ટર-૨૯માં વંદે માતરમ્ પાર્ક-૨ સોસાયટી ખાતે પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ સહિયારી નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું છે. જેની ઉજવણીમાં બાળકોથી માંડીને વડીલો, મહિલાઓ સૌ કોઈ વસાહતીઓ ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યાં છે. વંદે માતરમ્ પાર્ક-૨ માં વસાહતીઓ દ્વારા સામુહિક સ્વૈચ્છિક ફાળો ઉઘરાવીને દરરોજ વિવિધ ટેસ્ટી નાસ્તાના આયોજન કરવા સાથે અંતિમ દિવસે સમૂહ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પદ્ધતિને કારણે સોસાયટીના રહીશોમાં પારસ્પરિક ઓળખાણ સાથે સંબંધો મજબૂત બનીને સંપની ભાવનામાં વધારો થતો અનુભવાઈ રહ્યો છે. અહી સરકારની ગાઈડલાઈન અનુસાર રાત્રે ૧૨ વાગે ગરબાનું સમાપન કરી દેવામાં આવે છે.

## બાવન ગામ વણકર સમાજ દ્વારા સ્નેહમિલન સમારોહ

ગાંધીનગર, તા. ૧૨

બાવન ગામ વણકર સમાજ દ્વારા સ્નેહમિલન સમારોહમાં ઈનામો અને ચોપડા વિતરણ કરવામાં આવ્યુ હતુ. સંસ્થામાં વિવિધ હોદ્દેદારોની વરણી કરી હતી. જેમાં સભામાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે દિનકરભાઈ એમ. પરમાર, પ્રમુખ તરીકે અર્જુનભાઈ સોલંકી તથા મંત્રી તરીકે લક્ષ્મણભાઈની બિનહરીફ સર્વાનુમતે વરણી કરી હતી. આ બેઠકમાં દિનકરભાઈ એમ. પરમાર તરફથી ૪૦ થી ૪૫ જેટલા વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કર્યા હતા. પૂર્વ મેનેજીંગ તરફથી રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. સમાજ વિવિધ પ્રોત્સાહન પ્રવૃત્તિઓ દર વર્ષે સમાજ સેવાનું અવિરત કાર્ય કરે છે. હાર્દિકભાઈ મકવાણાએ સભાની રૂપરેખા આપી હતી.

# વર્ગ-૩ની ભરતી પરીક્ષાઓમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને સમાન તક મળતી નથી

રાજ્ય સરકાર દ્વારા વર્ગ-૩ માટે લેવામાં આવતી ભરતી પરીક્ષાઓ ફક્ત ગુજરાતી ભાષામાં જ લેવામાં આવે છે. પ્રશ્નપત્ર અને ઉત્તર આપવા માટે ફક્ત ગુજરાતી ભાષાનો જ વિકલ્પ મળતો હોય છે. જેથી ગુજરાતના અંગ્રેજી માધ્યમમાં ભણેલા ઉમેદવારોને પોતાની ક્ષમતા સાબિત કરવા માટેની સમાન તકથી વંચિત રહી જાય છે. વર્તમાન સમયમાં અંગ્રેજી ભાષામાં અભ્યાસનું મહત્વ વધ્યુ છે ત્યારે અંગ્રેજી માધ્યમની શાળાઓ અને તેમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. જેથી વર્ગ-૩ની ભરતી પરીક્ષાઓ પણ અંગ્રેજી તેમજ ગુજરાતી એમ બન્ને ભાષામાં લેવામાં આવે તેવી લોકલાગણી છે. સરકાર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેવી અપેક્ષા વાલીઓ અને યુવાનો રાખી રહ્યા છે.

# વાવોલ ચંદ્રલોક સોસાયટી સામે કારની ટકકરે બાઈકચાલક ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૧૨

વાવોલ ચંદ્રલોક સોસાયટી સામે માર્ગ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક માર્ગ પર પટકાતા ડાબા પગે ફેકચર તેમજ શરીરે ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા. બનાવ અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંધેજા ગામના વતની ૩૫ વર્ષિય હિમાંશુભાઈ ધીરજભાઈ જાની પોતાના પરિવાર સાથે રહે છે અને બાવળા ખાતે આવેલી સહજ સોલાર પ્રા.લિ. કંપનીમાં ટેકનીશીયન તરીકે ફરજ બજાવે છે. જયારે આવન જાવન માટે તેઓ મિત્રના બાઈક નં.જી.જે.૦૬.ડી.એ.-૪૪૨૨ નો ઉપયોગ કરે છે. નોકરીથી નિત્યક્રમ મુજબ સાંજે સ્ટાફ બસમાં વાવોલ આવી મિત્રના ઘરેથી બાઈક લઈ રાંધેજા જવા માટે નીકળ્યા હતા. તે સમયે સાંજના આશરે સાત વાગ્યાના અરસામાં વિઠ્ઠલ પાર્ટી પ્લોટથી કિર્તીધામ સોસાયટી તરફ જતા માર્ગ પર ચંદ્રલોક સોસાયટી સામે પહોંચતા સામેથી આવી રહેલા કાર નં.જી.જે.૦૧.કે.સી.-૮૪૦૭ ના ચાલકે ગફલત ભરી રીતે હંકારી બાઈક ને ટક્કર મારી હતી. જેથી બાઈક પરથી નીચે પટકાતા પગના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક વસાહતીઓ મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બનાવ અંગે ૧૦૮ ને કોલ કરતા તાત્કાલીક આવી પહોંચીને ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા.જયાં ડોકટરે ડાબા પગે ઢીંચણ થી નીચે ફેકચર હોવાનું નિદાન કરેલ છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે કાર ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગજાનન સેવા સમિતિ દ્વારા કન્યા પૂજન કરાયુ. ભીલોડા તાલુકાની ગોઢ, નવી ભેટાલી પ્રાથમિક શાળામાં તમામ ભણતી કન્યાના પગ ધોઈ, તેમનું પૂજન કરવામાં આવ્યુ હતુ. ૯૧ દિકરીઓને પગમાં પહેરવાના મોજા અને નાસ્તાનું પેકેટ ભેટમાં આપ્યુ હતુ.



સેકટર-૧૬ની માધ્યમિક શાળા ખાતે ટીનએજ બાળકીઓને પેડનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. સાથે જ બાળકીઓને સ્વાસ્થ્ય સંબંધી માહિતી પણ આપવામાં આવી હતી.


### જાહેર નિવિદા

તાલુકા પંચાયત કચેરી ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠાના અમલીકરણ હસ્તકની ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ મંજૂર થયેલ નીચે મુજબના યોજનાકીય કામ હાથ ધરવાના થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | કોમ્પ્યુટર બેઝીક તાલીમ અને બેઝીક અંગ્રેજી તાલીમ | રૂ. ૪.૭૫ લાખ | ખેડબ્રહ્મા તાલુકાના આદિજાતિના લાભાર્થી |

આથી રજીસ્ટર્ડ સંસ્થાઓ / મંડળીઓ / જાહેર ટ્રસ્ટો પાસેથી કામોના ભાવો રજી.પો.એ.ડી. ટપાલથી બંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. સદર ભરેલ ભાવો કામવાર સ્પેસીફીકેશન મુજબ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦માં તાલુકા વિકાસ અધિકારીશ્રી ખેડબ્રહ્માને મોકલી આપવાના રહેશે. નિયત તારીખ બાદ આવેલ ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહીં. કોઈપણ ભાવપત્રક રજી.પો.એ.ડી. સિવાય સ્વીકારવામાં આવશે નહીં. કોઈપણ ભાવપત્રક મંજુર કરવું અથના નામંજુર કરવું તેના અધિકાર નીચે સહી કરનારના રહેશે. કવરના મથાળે વિકાસના કામોનું ભાવપત્રક તેવું લખવાનું રહેશે.

**નોંધ :** કામની વિગત તથા શરતો તાલુકા પંચાયત, ખેડબ્રહ્માના નોટીસબોર્ડ ઉપર મુકેલ છે.

**સ્થળ : તાલુકા પંચાયત, ખેડબ્રહ્મા જિ. સાબરકાંઠા**

**આયોજન અધિકારી સહ તાલુકા વિકાસ અધિકારી, ખેડબ્રહ્મા**

નામાનિ/હિંમત/૩૮૧/૨૦૨૧



### વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન

WASMO

**બનાસકાંઠા - પાલનપુર**

**જાહેર નિવિદા નં. ૨૭-સને ૨૦૨૧-૨૨**

યુનિટ મેનેજરશ્રી, જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, બીજો માળ, આદર્શ હાઈસ્કૂલની પાછળ, ડેરી રોડ, પાલનપુર જી. બનાસકાંઠા પીન. ૩૮૫૦૦૧ દ્વારા અધ્યક્ષશ્રી ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિઓ વતી E-2 તથા તેનાથી ઉપરના લાગુ પડતા ક્લાસનું રજીસ્ટ્રેશન ધરાવતા ઠેકેદારો પાસેથી દાંતા તાલુકાના ગામો ખાતે ‘નલ સે જલ’ યોજના હેઠળ કુલ (૬) કામોના ટેન્ડર ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ભાવો માંગવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂ. ૫.૩૨ લાખથી રૂ. ૭.૩૨ સુધીના કુલ રૂ. ૩૭.૧૨ લાખ થાય છે. જેના ટેન્ડર આઈ. જી. (૧) ૪૮૫૯૨૦ (૨) ૪૮૫૯૨૨ (૩) ૪૮૫૯૨૩ (૪) ૪૮૫૯૨૫ (૧ થી ૪ ત્રીજો પ્રયત્ન) (૫) ૪૮૫૯૧૯ (૬) ૪૮૫૯૨૧ (૫ થી ૬ ચોથો પ્રયત્ન)થી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન સબમીશનની છેલ્લી તા. ૨૧/૧૦/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધી છે. અને ફીઝીકલ ડોક્યુમેન્ટ તા. ૨૨/૧૦/૨૦૨૧ના રોજ ૧૫.૦૦ કલાક સુધી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીએ સાદર કરવાના રહેશે. કામગીરી જેતે પાણી સમિતિની અને ક્લસ્ટર કોરટીમની દેખરેખ નીચે હાથ ધરવાના રહે છે. ટેન્ડરની સાથે નિવિદામાં દર્શાવેલ તમામ ડોક્યુમેન્ટ ઉપરાંત બ્લેકલીસ્ટ / ડીબાર્ડ નહી થવાનું ડીકલેરેશન ફોર્મ નં. ૦૯ તથા ફોર્મ નં. ૧૮ લેટર પેડ ઉપર ફરજીયાત સાદર કરવાનું રહેશે. એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણો આપ્યા વગર રદ કરવાનો અબાધિત અધિકાર સંબંધિત પાણી સમિતિનો રહેશે. ટેન્ડરને લગતી વિગતવાર વિગતો વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તથા www.nprocure.com ઉપર ઉપલબ્ધ છે. ટેન્ડર અન્વયે જરૂરી ફેરફાર સુધારાની વિગતો માત્ર ઓનલાઈન જોઈ શકાશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો હેલ્પલાઈન નંબર ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

નં. નામાનિ/પાલન/૩૫૯/૨૦૨૧-૨૦૨૨